નાથ શ્રદ્ધાનાં પારખાં લેતો, ને તોય શક્તિ દીધાં કરે; ધૂળમાંથી કનક કરી દેતો, અજબ તારી લીલા ખરે, મારે માથે હજાર હાથવાળો

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૭૮ |
| અમદાવાદ | ૨૧૦ |
| ગાંધીનગર | ૩૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૫ — ૨૪ જુલાઈ, ૨૦૨૦, શુક્રવાર; શ્રાવણ સુદ - ૪ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હવે સેનામાં મહિલાઓને સ્થાયી કમિશનનો લાભ

**કેન્દ્રીય રક્ષા મંત્રાલયે સત્તાવાર રીતે મંજૂરી આપી : ભારતીય સેનાના તમામ ૧૦ વિભાગોમાં સ્થાયી કમિશનને મંજૂરી : સુપ્રીમ કોર્ટે ઓર્ડરનો અમલ કરવા ત્રણ માસનો સમય આપ્યો હતો**



ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતીય લશ્કરમાં પણ હવે મહિલા અધિકારીને સ્થાયી કમિશનનો લાભ આપવા કેન્દ્રીય રક્ષા મંત્રાલયે સત્તાવાર રીતે મંજૂરી આપી દીધી છે. ગુરુવારે સરકારે જાહેર કરેલા નોટિફિકેશનને પગલે હવે લશ્કરમાં વિવિધ ટોચના પદ પર મહિલા અધિકારી તૈનાત થઈ શકશે.

સરકારના આ આદેશને પગલે શોર્ટ સર્વિસ કમિશનની મહિલા અધિકારીઓને ભારતીય લશ્કરના તમામ દસ ભાગોમાં સ્થાયી કમિશનની મંજૂરી આપવામાં આવી છે. હવેથી લશ્કરમાં એર ડિફેન્સ, સિગ્નલ એન્જિનીયર, આર્મી એવિએશન, ઈલેક્ટ્રોનિક્સ, મેકેનિકલ, એન્જિનીયરિંગ, આર્મી સર્વિસ કોર્પ્સ, આર્મી ઓર્ડિનન્સ કોર્પ્સ અને ઈન્ટેલિજન્સ કોર્પ્સમાં પણ મહિલા અધિકારીઓને સ્થાયી કમિશન મળી શકશે. આની સાથે-સાથે જજ એડ એડવોકેટ જનરલ, આર્મી એજ્યુકેશનલ કોર્પ્સમાં પણ આ સુવિધાનો અમલ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

## ઓક્સફર્ડની વેક્સિનનો મુંબઈ અને પૂણેમાં ટ્રાયલ હાથ ધરાશે

**બન્ને શહેરોના હોટસ્પોટથી ચારથી પાંચ હજાર વોલિયન્ટિયર્સની પસંદગી કરીને ટ્રાયલ હાથ ધરાશે : વેક્સિનનો ફેઝ-૩ ટ્રાયલ ઓગસ્ટમાં**

નવી દિલ્હી, તા. ૨૩

ઑક્સફર્ડ યૂનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકાની કોરોના વેક્સિનનો ભારતમાં જલદી જ ટ્રાયલ શરૂ થવાનો છે. ઑગષ્ટનાં અંતમાં થનારા આ વેક્સિનનાં માનવ પરીક્ષણ માટે મુંબઈ અને પુણેનાં હૉટસ્પોટથી ૪,૦૦૦થી ૫,૦૦૦ વૉલિયન્ટિયર્સની પસંદગી કરવામાં આવશે. વેક્સિનનાં સ્થાનિક ઉત્પાદક સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયાએ આશા વ્યક્ત કરી છે કે જો બધું જ ઠીક રહ્યું તો આવતા વર્ષે જૂન સુધી વેક્સિન લૉન્ચ કરી દેવામાં આવશે. ઑક્સફર્ડ યૂનિવર્સિટીને કોરોના વેક્સિનનાં ટેસ્ટ સંતોષજનક પરિણામ મળવા લાગ્યા છે અને હવે યૂકેમાં આ મોટા પ્રમાણ પર શરૂ કરવામાં આવ્યું છે. ભારતમાં ઑક્સફર્ડે આ વેક્સિનનાં ઉત્પાદન માટે એસઆઈઆઈને પસંદ કરી છે જે વેક્સિનને લઈ અંતિમ સહમતિ મળ્યા પહેલાં આની ફીલ્ડ ટ્રાયલ કરશે. પુણેમાં બુધવાર સુધી ૫૯,૦૦૦થી વધારે કોરોના કેસ નોંધાયા છે, જ્યારે મુંબઈમાં કોરોના દર્દીઓનો આંકડો ૧ લાખને પાર પહોંચી ગયો છે. આખા મહારાષ્ટ્રના કોરોના કેસોમાંથી અડધા આ ૨ શહેરોમાંથી છે. એસઆઈઆઈના સીઈઓ અદાર પૂનાવાલાએ જણાવ્યું કે, મુંબઈ અને પુણેમાં વેક્સિન ટ્રાયલ માટે અમે અનેક જગ્યાઓને શૉર્ટલિસ્ટ કરી છે. આ શહેરોમાં કોરોનાના સૌથી વધારે હૉટસ્પોટ છે, જેનાથી વેક્સિનના પ્રભાવનું



મૂલ્યાંકન કરવામાં મદદ મળશે. પૂનાવાલાએ કહ્યું કે, ભારતના દવા નિયંત્રક જનરલની પરવાનગી મળ્યા બાદ વેક્સિનનો ફેઝ-૩ ટ્રાયલ ઑગષ્ટમાં શરૂ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે કંપની ટ્રાયલ શરૂ કર્યાના ૨ દિવસની અંદર દવા નિયંત્રકને ત્યાં લાયન્સ માટે અરજી કરશે. ત્યાંથી એકથી બે અઠવાડિયામાં અનુમતિ મળી જવાની આશા છે. ત્યારબાદ લગભગ ૩ અઠવાડિયા વૉલિયન્ટર્સને હૉસ્પિટલમાં લાવવામાં લાગશે. આ રીતે એકથી બે મહિનામાં ટ્રાયલ શરૂ થવાની આશા છે.

## ૨૦૨૧ પહેલા કોરોનાની રસીની આશા નથી : WHO

**દરેક વ્યક્તિએ હજુ પણ સાવધાની રાખવાની જરૂર છે : વેક્સીન બનાવવામાં સફળતા મળી જાય તો પણ નવા વર્ષના શરુઆતના દિવસો પહેલા તે ઉપલબ્ધ થવાની કોઈ આશા રાખી શકાય તેમ નથી**

નવી દિલ્હી, તા.૨૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)એ જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૧ પહેલા કોરોનાની રસી બનવાની કોઈ જ આશા નથી. જેના કારણે ડબલ્યુએસઓએ કહ્યું છે કે જો રિસર્ચરે કહ્યું છે કે કોરોના વેક્સીન બનાવવામાં સફળતા મળી પણ જાય તો પણ નવા વર્ષના શરુઆતના દિવસો પહેલા તે ઉપલબ્ધ થવાની કોઈ આશા વ્યકત કરી શકાય તેમ નથી. ડબલ્યુએસઓના કાર્યકારી નિર્દેશક માઈક રેયાને કહ્યું છે કે, કોરોના મહામારીની વેક્સીન બનાવવામાં ભલે થોડું મોડું થઈ જાય પણ સાવધાની રાખવામાં કોઈ કસર ના છોડવી જોઈએ. હાલ કોરોના વાયરસથી બચવા માટે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સૌથી મહત્વના છે. ભારત સહિત દુનિયાભરમાં કોરોના વાયરસની વેક્સીન પર યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. રિસર્ચર અને વૈજ્ઞાનિકો કોરોનાની રસી બનાવવા માટે ઘણી મહેનત કરી રહ્યા છે અને ઘણાં દેશોમાં કોરોના વાયરસ વેક્સીન પર હ્યુમન ટ્રાયલ પણ શરુ થઈ ગયા છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રેજનેકા દ્વારા ટેસ્ટ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૫૪૯૫૬૫૯ | ૬૩૨૪૯૭ | ૯૧૩૨૪૬૭ |
| ભારત | ૧૨૮૫૨૩૬ | ૩૦૬૦૭ | ૮૧૫૨૫૧ |
| ગુજરાત | ૫૨૫૬૩ | ૨૨૫૭ | ૩૭૯૫૮ |
| ગાંધીનગર | ૧૩૪૨ | ૭૧ | ૮૭૪ |

## દેશમાં દર કલાકે કોરોનાના ૧૮૭૬ કેસ

**ભારત અમેરિકાના માર્ગે : ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૪૫ હજારથી વધુ કેસ : ૧૧૨૯ના મોત : - દેશમાં કુલ પોઝિટિવ કેસ ૧૨,૩૮,૬૩૫, કુલ મૃત્યુઆંક ૨૯,૮૬૧ : સૌથી હાઇએસ્ટ કેસ મામલે ભારતે બ્રાઝિલને પછાડ્યું હવે ફક્ત અમેરિકા જ આગળ**

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોનાના કેસોમાં હાહાકાર મચી ગયો છે. કેસોમાં જાણે કે વિસ્ફોટ થયો હોય ૨૪ કલાકમાં ૪૫ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. તો કોરોનાને કારણે આ જ સમયગાળામાં મરનારાઓની સંખ્યાં પણ સૌથી વધુ ૧૧૩૦ સામે આવતાં ચિંતા વ્યાપી ગઈ હતી. જો કે તેની સામે રિકવરી રેટ પણ વધ્યો હોવાનું સરકારે દાવો કર્યો હતો. આજે ગુરૂવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરાયા ત્યારે આંચકારૂપ ૪૫,૬૦૧ કેસો સામે આવ્યાં હતા. અત્યાર સુધીમાં ૩૦ હજારની આસપાસ આવતાં કેસો હવે ૪૦ હજારની ઉપર પહોંચી ગયા છે. દર કલાક પ્રમાણે ગણીએ તો બુધવારે દેશમાં અનલોક-૨ના ૨૨મા દિવસે પ્રતિ કલાકે ૧૮૭૬ જેટલા કેસો નોંધાયા તો દર કલાકે ૪૭ના મોત થયા હતા. અને સૌથી વધુ કેસો મહારાષ્ટ્રમાં પાંચ આંકડામાં ૧૦,૫૭૬ નોંધાયા હતા. બીજા નંબરે હવે આંધ્રમાં ૬,૦૪૫ કેસો સામે આવ્યાં હતા. ત્રીજા નંબરે તામિલનાડુમાં ૫,૮૪૯ કેસો નોંધાયા હતા. કુલ મૃત્યુઆંક પણ વધીને ૩૦ હજારની નજીક એટલે કે ૨૯,૯૮૦ સુધી પહોંચી ગયો હતો. કેસો વધતાં મણિપુરમાં ગુરુવારે બપોરે ૨ વાગ્યાથી ૧૪ દિવસનું લોકડાઉન નો નિર્ણય લેવાયો છે. ભારતમાં કોરોનાના વધતા કેસો સામે રીકવરી રેટ ૬૩ ટકાએ પહોચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આજે ગુરૂવારે

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- ઝારખંડ સરકારે માસ્ક વિના બહાર નિકળનારને રૂ. ૧ લાખનો દંડ કરવા નિર્ણય કર્યો.
- પોતાનો રિપોર્ટ નેગેટીવ હોવાની વાતનો ઈન્કાર કરતા અમિતાભ બચ્ચને જણાવ્યું હતું કે, નેગેટિવની વાત ખોટી છે.
- રાજકોટ અને જામનગરમાં જન્માષ્ટમીનો મેળો રદ કરવાની જાહેરાત
- ઉ.કોરિયામાં માસ્ક ન પહેરનાર નાગરિકે ત્રણ મહિના મજૂરી કરવી પડશે
- ભોપાલમાં કોરોનાના કેસ વધતાં આજથી દસ દિવસનું લૉકડાઉન લાગુ
- અમેરિકામાં ટિકટોક પર પ્રતિબંધ લાદતો અધ્યાદેશ સર્વાનુમતે પસાર

## સ્પિકરના ચુકાદાને રોકવો વાજબી નથી : સુપ્રીમ કોર્ટ

**રાજકીય વિવાદ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે : હાઈકોર્ટના ચુકાદાને ખોટો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે સ્પીકરને નિર્ણય લેતા અટકાવવાનું વાજબી નથી : સુપ્રીમ**

નવી દિલ્હી, તા.૨૩

સુપ્રીમ કોર્ટ હાલમાં રાજસ્થાનના રાજકીય સંઘર્ષ પર



સુનાવણી કરી રહી છે. દેશની સૌથી મોટી અદાલતમાં પ્રખ્યાત વકીલ કપિલ સિબ્બલ વક્તાની બાજુમાં રજૂ કરી રહ્યા છે. તેમણે હાઈકોર્ટના ચુકાદાને ખોટો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે સ્પીકરને નિર્ણય લેતા અટકાવવાનું વાજબી નથી. જણાવી દઈએ કે સ્પીકર સી.પી.જોશીએ સુપ્રીમ કોર્ટમાં હાઈકોર્ટના હસ્તક્ષેપ અંગે અરજી કરી છે. આ સુનાવણી પણ તે જ રાખવામાં આવી રહી છે. બળવાખોર જૂથના નેતા સચિન પાયલોટે પણ કોર્ટમાં પોલાણ લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટમાં બળવાખોરોના વકીલ હરીશ સાલ્વે તેમનું સમર્થન કરી રહ્યા છે. સાલ્વે લંડનથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દલીલો કરી રહી છે. સાલ્વેએ કહ્યું કે આવતીકાલે હાઈકોર્ટનો ચુકાદો

● અનુસંધાન પાન-૭ પર

## વકરતા કોરોનાના ૧૦ જોખમી રાજ્યોમાં ગુજરાત ૯મા ક્રમે

**ગુજરાતની આરોગ્ય સુવિધાઓ નબળી હોવાની ટિપ્પણી, ટોપ-૧૦ જોખમી રાજ્યોમાં મધ્યપ્રદેશ ટોચ પર : લંડનની મેડિકલ જર્નલ લાન્સેટમાં અભ્યાસ**

નવી દિલ્હી, તા. ૨૩

આરોગ્ય સુવિધા, વસતિ, વિસ્તાર સહિતના ૧૫ માપદંડના આધારે લંડનની મેડિકલ જર્નલ લાન્સેટ દ્વારા વલ્નરેબિલિટિ ઈન્ડેક્સ તૈયાર કરાયો છે, જેમાં કોરોનાની વકરતી સ્થિતિના આધારે ભારતના ટોપ-૧૦ સંવેદનશીલ રાજ્યોમાં ગુજરાતનો ૯મા ક્રમે સમાવેશ કરાયો છે. એટલે કે આરોગ્યની દ્રષ્ટિએ ગુજરાત પણ નબળું હોવાથી કોરોના વધુને વધુ ફેલાઈ રહ્યો છે, તેમ લાન્સેટનું માનવું છે.

આ યાદી અનુસાર કોરોનાનો સૌથી વધુ ભોગ બનવાના ટોપ-૧૦ જોખમી રાજ્યોમાં મધ્યપ્રદેશ ટોચ પર છે. ત્યારબાદ બિહાર, તેલંગણા અને ઝારખંડનો સમાવેશ થાય છે. ભારતમાં કોરોનાની સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. જેમાં સૌથી વધુ ફાળો કેટલાક રાજ્યોનો છે. જેને લઈને ચોક્કસ મુદ્દાઓ સાથે લેન્સેટ મેડિકલ જર્નલના નિષ્ણાતો- રજીબ આચાર્ય અને આકાશ પોરવાલે આ વલ્નરેબિલિટિ ઈન્ડેક્સ તૈયાર કર્યો છે. આ ઈન્ડેક્સમાં ગુજરાતનું પણ નામ કોરોનાની સૌથી વકરેલી સ્થિતિ ધરાવતા ભારતના ટોચના ૯ રાજ્યોમાં સામેલ છે.

## ૩૦ સેકન્ડમાં પરિણામ આપતી રેપિડ ટેસ્ટ કિટ બનાવવા ઈઝરાયેલની ટીમ ભારત આવશે

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતમાં કોરોના સંક્રમણની ગતિ લગાતાર વધી રહી છે. ટેસ્ટિંગની કમી પણ એક મોટો પ્રશ્ન છે. આ પરિસ્થિતિમાં ભારતની મદદ માટે ઈઝારાયેલ સામે આવ્યું છે. ભારત અને ઈઝરાયેલની ટીમ રેપિડ ટેસ્ટ કિટ પર કામ કરી રહી છે. આ ટેસ્ટ કિટની મદદથી ૩૦ સેકન્ડમાં રિઝલ્ટ મળી જાય તેવા પ્રયાસો ચાલુ છે. તેના માટે એક સ્પેશ્યલ ફલાઈટમાં ઈઝરાયેલ સંરક્ષણ વિભાગના અધિકારીઓ અને વૈજ્ઞાનિકોની ટીમ તેલઅવીવથી દિલ્હી આવશે. તેઓ ભારતમાં DRD અને મુખ્ય વૈજ્ઞાનિક કે. વિજય રાઘવન સાથે મળીને રેપિડ ટેસ્ટ વિકસિત કરવામાં કામગીરી કરશે. નવી દિલ્હીમા ઈઝરાયેલની એમ્બેસી દ્વારા આ માહિતી જાહેર કરવામા આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE 0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years

## ચીનની સેના હજુ પાછળ હટી નથી

**ભારતીય સેના પણ કોઈ કસર છોડવા નથી માગતી : સેનાના જવાનો માટે પૂરતા પ્રમાણે અનાજ, અન્ય સપ્લાય આપવા માટેની એક્સર્સાઈઝ શરુ કરી દેવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૨૩

ચીન અને ભારત વચ્ચે સરહદ પર ઘર્ષણ થયા બાદ બન્ને દેશ વચ્ચે તણાવની સ્થિતિ ઉભી થઈ હતી. જોકે, તણાવ ભલે ખતમ થઈ ગયો હોય પણ હજુ સુધી સંપૂર્ણ રીતે ટળ્યો નથી. ચીનની સેના હજુ સુધી પાછળ નથી હટી રહી. એવામાં ભારતીય સેના પણ કોઈ કસર છોડવા નથી માગતી. જેમાં લદ્દાખમાં મુશ્કેલ સ્થિતિમાં ટક રહેવા માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. આવી ઊંચાઈ પર સેના રહેવા માટે ખાસ કપડા, શેલ્ટર, ટેંટ, ઈંધણ વગેરે સહિતના વસ્તુઓની જરુર પડતી હોય છે. સેનાએ જવાનો માટે પૂરતા પ્રમાણમાં અનાજ અને અન્ય સપ્લાય આપવા માટેની એક્સર્સાઈઝ શરુ કરી દેવામાં આવી છે. ચીની સૈનિકો હજુ ઉત્તર પેંગોંગ અને લદ્દાખના પશ્ચિમમાં ગોગર-હોટ-સ્પિંગ્સમાં હજુ સુધી સંપૂર્ણ રીતે ખસ્યા નથી. એવામાં કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભારતીય સેના પોતાની તૈયારીઓમાં કોઈ કસર છોડવા માગતી નથી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું, જો લદ્દાખમાં સામાન્ય રીતે વર્ષમાં ૩૦ હજાર મેટ્રિક ટન અનાજની જરુર પડતી હોય તો પરંતુ આ વર્ષે બે ગણું અનાજ પહોંચાડવામાં આવશે કારણ કે વધુ જવાનો તૈનાત કરાયા છે.'' તેમણે કહ્યું, ''ચીની સેના એટલી ઉતાવળે નથી આવી રહી. તો અમે સંપૂર્ણ રણનીતિ સાથે લાંબા સમય માટે તૈયારી કરી રહ્યા છીએ.